<u>જય કિસાન જય વિજ્ઞાનની ઉજવણી અંતર્ગત “ખેડુત દિન” નો કાર્યક્રમ યોજાયો</u>

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ દ્વારા તા.૨૯/૧૨/૨૦૧૫ના રોજ “જય કીસાન જય વિજ્ઞાન” અઠવાડીયાની ઉજવણી અંતર્ગત સરદાર પટેલ પુનઃપ્રાપ્ય ઉર્જા અનુસંધાન સંસ્થાન (સ્પેરી),વિ.વિ.નગરના અધિકારીઓ તથા કેવિકે, દેવાતજના અધિકારીઓ દ્વારા સુર્ય ઉર્જાના સાધનોના નિદર્શન સાથે ખેડુત દિનની ઉજવણી ઇસરામા ગામે કરવામાં આવી હતી. સદર કાર્યક્રમમાં ૫૦ જેટલા ખેડુત ભાઇઓ તથા બહેનો હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં કેવિકે, દેવાતજના પ્રોગ્રામ કોઓર્ડિનેટરશ્રી, ડો. જી. જી. પટેલે આમંત્રિત મહેમાનો તેમજખેડુત ભાઇઓ બહેનોનું શાબ્દીક સ્વાગત કરી જય કીસાન જય વિજ્ઞાન અઠવાડીયાની ઉજવણી તથા દિવેલાના પાક અંતર્ગત “ખેડુત દિન”ની ઉજવણીનો હેતુ તેમજ ખેડુતોને ખેતીમાં વિજ્ઞાનનો સમન્વય કરી ખેતીને ઉન્નત બનાવવી તથા સેન્દ્રિય ખાતરોનો ઉમેરો કરી જમીનને સાતત્ય સભર બનાવવા પર તથા રોજબરોજના વપરાશમાં સુર્ય ઉર્જાનો ઉપયોગ કરી સંસાધનોનું જતન તથા ગોબરગેસ અપનાવવાની સમજ આપી હતી. ત્યારબાદ શ્રી એ.કે.ચૌહાણ સીનીયર એક્ઝિક્યુટીવ (સ્પેરી) એ પવન, પાણી, પૃથ્વી, અગ્નિ અને આકાશ આ પંચતત્વો વિશે માહિતી આપી હતી. શ્રી સમીર વ્હોરા, સીનીયર સાયન્ટીસ્ટ (સ્પેરી) એ સુર્ય ઉર્જાથી ચાલતા સાધનો વિશે જાણકારી આપી હતી. ડો.પી.બી.પટેલે દિવેલામાં રોગ અને જીવાતના નિયંત્રણ વિશેની જાણકારી તથા શ્રી વાય. સી. લકુમે દિવેલાની વૈજ્ઞાનીક ખેતી પધ્ધતી વિશે માહીતી આપી. શ્રીમતી અમિતા પરમારે મરચી તથા જામફળની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતી વિશે માહીતી આપી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલનશ્રીમતી અમિતા પરમાર, વિષય નિષ્ણાંત (બાગાયત)એ કર્યુ હતુ અને અંતમાં કાર્યક્રમની આભારવિધી કરી હતી.


